# સેક્ટર-૩ થી ૬ અને ૧૩માં કમળાના ૩૮ કેસ

## સે-૫ અને ૧૩માં કમળાના ૨૦ દર્દી : સે-૫ અને સે-૪માં પાણીનું લિકેજ મળતાં દુરસ્ત કરાયું

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના નવા સેક્ટરોમાં સાત વર્ષ પછી પુનઃ કમળાના કેસો નોંધાતા શહેરી આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે. ગાંધીનગરના સે-૩, ૪, ૫, ૬ અને ૧૩માં જ કમળાના ૩૮ કેસ નોંધાયા છે.

૨૦૧૦માં આ સેક્ટરોમાં સારી એવી સંખ્યામાં કમળાના કેસો નોંધાતા બી.જે. મેડીકલ કોલેજના તજજ્ઞોની ટીમ આવી હતી અને તપાસ કરી હતી જે ઉલ્લેખનીય છે.

આરોગ્યતંત્ર એ આ અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વેલન્સ પણ શરુ કરી દીધું છે. ટીમો દ્વારા આજે ૧૯૫૨ ઘટ અને ૭૭૪૮ વસ્તીને સર્વેલન્સમાં આવરી લેવામાં આવેલ છે. આ સર્વેલન્સ ચાલુ રહેશે તેમ પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

તંત્રની ટીમોએ સર્વેલન્સ દરમિયાન સે-૪, ૫ અને ૧૩માંથી ત્રણ જેટલા પાઈપલાઈનના લિકેજીસ પણ શોધી કાઢયા હતા જે તાત્કાલિક રીપેર કરી દેવામાં આવ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે સે-૫ અને ૧૩માંથી કમળાના ૨૦ જેટલા દર્દી મળી આવ્યા છે જયારે બાકીના સેકટરોમાં છુટા છવાયા દર્દીઓ મળી આવ્યા છે.

શહેરના મેડીકલ ઓફિસર ઓફ હેલ્થની સત્તાવાર યાદીમાં જણાવાયા મુજબ એપેડેમિયો લોજીસ્ટના સુપરવિઝનમાં સે-૨ અને ૨૪ના પેરમેડિકલ સ્ટાફ અને આશા બહેનો દ્વારા સર્વે હાથ ધરવામાં આવેલ છે.

આ અખબારી યાદીમાં લોકોને બહારનું ખાવાનું ટાળવા, બરફના ગોળા, પાણીપુરી જેવી વસ્તુઓ પણ ખાવી નહી તેવી સલાહ આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર





રામદેવ ગાંધીનગરમાં... - જાણીતા યોગાચાર્ય બાબા રામદેવ બુધવારે બે વખત ગાંધીનગર આવ્યા હતા... આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સંદર્ભે ૨૧મી જુને અમદાવાદમાં યોજાનાર મહાયોગ કાર્યક્રમ માટે બાબા રામદેવ સવારે મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી અને સાંજે શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા સાથે વિગતવાર ચર્ચાઓ કરી હતી.

# આજે ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમ-૪ નુ પરિણામ જાહેર થશે

## જિલ્લામાંથી ૬૧૭૨ વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપી હતી : સવારે ૧૦ કલાકે બોર્ડની વેબસાઇટ પરથી પરિણામ જાહેર થશે

ગાંધીનગર તા ૧૦

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૭ માં લેવાયેલી ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થશે. જિલ્લામાંથી ૬૧૭૨ જેટલા વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપી હતી. જયારે જિલ્લાની ૨૭ શાળાઓમાં પરીક્ષાને અનુલક્ષી પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. બોર્ડ પરીક્ષાના અંતે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરીણામલક્ષી ઉત્તેજનાનો માહોલ છવાયેલો જોવા મળે છે. જયારે પરિણામના આગળના દિવસે જ લેવાયેલી ગુજકેટની પરીક્ષાનુ પરિણામ આજે જાહેર નહીં કરવામાં આવે તેમ પણ જણાંવાયુ છે.

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થશે. શિક્ષણ બોર્ડના પરીક્ષા સચિવે આ અંગે જણાંવ્યા મુજબ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ બોર્ડની વેબસાઈટ પર તા ૧૧ મે ના રોજ સવારે ૧૦ કલાકે ઓનલાઇન મુકવામાં આવશે. બોર્ડની વેબસાઈટ ....પરથી પરિણામ જાણી શકાશે તેની વિદ્યાર્થીઓને વાલીઓને નોંધ લેવા પણ તેમણે જણાંવ્યુ છે. ગત તા ૧૫ માર્ચથી બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો હતો. જયારે બોર્ડની પરીક્ષાના અંતે લાંબા સમય બાદ નીટ તેમજ ગુજકેટની પરીક્ષા લેવાઈ છે. ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરીણામલક્ષી ઉત્તેજના પ્રબળ બની છે. છેલ્લા ઘણાં સમયથી વિદ્યાર્થીઓ પરીણામ તરફ મીટ માંડીને બેઠા છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ ૬૧૭૨ જેટલા વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી. જયારે જિલ્લાની ૨૭ જેટલી શાળાઓમાં પરીક્ષાને અનુલક્ષી બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સી સી ટી વી કેમેરાની વોચ પણ ગોઠવવામાં આવી હતી. સી સી ટી વી કેમેરાના ફુટેજના આધારે શકમંદ માલુમ પડેલા કિસ્સામાં બોર્ડ દ્વારા આગળની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે. ત્યારે આજે પરિણામ જાહેર થવાનુ હોવાથી વિદ્યાર્થીઓના ભાવિનો ફેંસલો થશે. વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પરીણામ શૈક્ષણિક કારર્કિદી માટે મહત્વનુ હોવાથી વિદ્યાર્થીઓ સહીત વાલીઓ પણ રીઝલ્ટ માટે અત્યંત આતુરતા સેવી રહયા છે. બોર્ડની વેબસાઈટ પરથી પરીણામ જાહેર થવાની સાથે માર્કશીટ પણ જિલ્લાના વિવિધ વિતરણ સ્થળો પરથી સવારે ૧૦ થી ૬ કલાક દરમિયાન માર્કશીટનુ પણ વિતરણ કરવામાં આવશે જેની શાળાના આચાર્યોને નોંધ લેવા માટે જણાંવાયુ છે.

# સરકારી કર્મચારીઓનું ૪ ટકા મોંઘવારી ભથ્થુ વધ્યુ

## રાજ્ય સરકારના, પંચાયત વિભાગ અને પેન્શનર મળી કુલ ૮,૨૦,૭૬૪ કર્મચારીઓને લાભ : રાજ્ય સરકાર આ વર્ષે ૯૩૦ કરોડનો વધારાનો બોજો ઉપાડશે

ગાંધીનગર, તા. ૧૦

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે, રાજ્ય સરકારના આઠ લાખથી વધુ અધિકારી/કર્મચારી અને પેન્શનરોને ૪ ટકા મોંઘવારી ભથ્થું આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. જેનાથી રાજ્ય સરકારને ૯૩૦ કરોડ રૂપિયાનો વધારાનો બોજ ઉપાડવો પડશે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલ આ નિર્ણયની વિગતો આપતાં નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતુ કે, રાજ્ય સરકારના ૧,૮૫,૫૭૫, પંચાયત વિભાગના ૨,૦૮,૭૭૧ અને ૪,૨૬,૪૧૮ પેન્શનર મળી કુલ ૮,૨૦,૭૬૪ અધિકારી/કર્મચારીઓને રાજ્ય સરકારે સાતમાં નાણા પંચના લાભો મંજૂર કરીને પગાર ચુકવવામાં આવી રહ્યો છે. કેન્દ્ર સરકારે સાતમાં પગાર પંચના અમલ બાદ બે તબક્કામાં તા.૧-૭-૨૦૧૬ અને તા. ૧-૧-૨૦૧૭ના રોજ બે-બે ટકા મળી કુલ ૪ ટકા મોંઘવારી ભથ્થું મંજૂર કર્યુછે. જે અનુસાર રાજ્ય સરકારે તેના અધિકારી/કર્મચારીઓને આ ચાર ટકા મોંઘવારી ભથ્થું આપવાનો નિર્ણય કર્યો છે. તદઅનુસાર આગામી માસના પગારમાં જ આ ચાર ટકા મોંઘવારી ભથ્થું રોકડમાં ચુકવાશે. તે માટે રૂ. ૪૬૫ કરોડ અને એરીયર્સ ચુકવવા માટે પણ રૂ. ૪૬૫ કરોડનો વધારાનો બોજ રાજ્ય સરકારને પડશે.

# શહેરમાં ચોમાસા પુર્વે સ્ટોર્મ વોટર લાઈનની સફાઈ માટે ૯ લાખ ખર્ચાશે

## નગરના મુખ્ય માર્ગો સહીત ૯૮ કી મી વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઇનની સફાઇ કરાશે

ગાંધીનગર તા ૧૦

આકરા ઉનાળે નગરમાં પાણીનો વપરાશ વધ્યો છે. ત્યારે ચોમાસાના દિવસો પણ દિનપ્રતિદિન નજીક આવતા જાય છે. ત્યારે વરસાદી દિવસોને અનુલક્ષી તંત્ર દ્વારા પ્રિમોન્સુન કામગીરી માટે આયોજન કરી દેવાયુ છે. શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનની પર્યાપ્ત સુવિધાના અભાવ વચ્ચે ચોમાસામાં જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. ત્યારે મુખ્ય માર્ગો આસપાસ સ્થિત લાઈનની સફાઈ માટે તંત્ર દ્વારા ટુંકમાં કામ શરૂ કરાશે. શહેરમાં હાલ ૯૮ કી મી વિસ્તારમા સ્ટોર્મ વોટર લાઈનનુ અસ્તિત્વ છે.

શહેરમાં ચોમાસા દરમિયાન સેકટરોમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. સેકટરોમાં છેલ્લા સાત વર્ષથી સ્ટોર્મ વોટર લાઈન નાંખવાની કામગીરી હજુ હાથ ધરાઈ નથી. સ્ટોર્મ વોટર લાઈનનો પ્રોજેકટ હજુ કાગળ પર જ છે. ત્યારે અગાઉ પણ માત્ર નગરના મુખ્ય માર્ગો આસપાસ તેમજ સાત જેટલા સેકટરોમાં જ સ્ટોર્મ વોટર લાઈનની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જયારે વરસાદી દિવસોમાં નગરના મુખ્ય માર્ગો તેમજ અન્ય ઠેકાણે પાણીનો યોગ્ય રીતે નિકાલ થાય તે માટે સ્ટોર્મ વોટર લાઈનની સફાઈના કામનુ આયોજન કરી દેવાયુ છે. વર્ષ દરમિયાન સ્ટોર્મ વોટર લાઈનમાં કચરો ભરાઈ જતા વરસાદી પાણીના નિકાલ કરવામાં અવરોધ ઉભો થતો હોય છે. જેના પરિણામે માર્ગો પર વરસાદી પાણી ફરી વળતા આમ નાગરિકો માટે મુશ્કેલી સર્જાય છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા પ્રતિવર્ષ સ્ટોર્મ વોટર લાઈનની સફાઈનુ કામ હાથ ધરવામાં આવે છે. જેના ભાગરૂપે વરસાદી દિવસો હવે નજીકમાં છે. ત્યારે તંત્ર દ્વારા પ્રિમોન્સુન એકટીવિટી શરૂ કરવા માટે આયોજન કરી દેવાયુ છે. જેમાં મુખ્યત્વે લાઈનની સફાઈ કરવામાં આવશે. શહેરમાં સ્થિત ૯૮ કી મી સ્ટોર્મ વોટર લાઈનની સફાઈ માટે ૯ લાખ રૂપિયાનો ખર્ચ થશે. જયારે આ કામગીરી માટે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરી દેવાઈ છે. ટુંકમાં જ ટેન્ડર આખરી કરી દેવાશે. જેના અંતે નગરના મુખ્ય માર્ગો પર વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે લાઈનની સફાઈનુ કામ હાથ ધરાશે.

# આકરી ગરમીના દિવસોમાં ડેપોમાં પાણી નથી અને પંખા પણ બંધ હાલતમાં

## બસની વાટે પરસેવે નિતરતા મુસાફરોને પંખાની હવા પણ નસીબ થતી નથી

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરના એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતી રામભરોસે છે. જયારે આકરી ગરમીમાં ડેપોમાં મુસાફરોને પીવાનુ પાણી પણ નસીબ થતુ નથી. જયારે ડેપોના પંખા પણ બંધ હાલતમાં હોવાથી આકરી ગરમીમાં મુસાફરોએ પરેશાની વેઠવાનો વારો આવ્યો છે. ગરમીની ઋતુમાં ડેપો સંકુલની કેન્ટીનમાં છેલ્લા ચાર દિવસથી પાણી નથી. જયારે બસની વાટે ઉભેલા મુસાફરોને પંખાની હવા પણ નસીબ થતી નથી. ત્યારે ડેપો સંકુલને મોડેલ બનાવાની વાતો કોરાણે મુકી મુસાફરોને પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા યોગ્ય આયોજન કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતીનો મુદ્દો ડેપો અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી રામભરોસે છે. પ્રતિદિન ખીસ્સા કાતરુઓ હાથ અજમાવી લેતા હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. જયારે ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવાના મામલે પણ નિરસતા સેવાઈ રહી છે. જયારે ડેપો સંકુલમાં મુસાફરોને પુરતી સુવિધા ઉપલબ્ધ થઈ શકી નથી. ડેપોની સલામત સવારી પણ નિયમિત અને સમયસર ન દોડતી હોવાની ફરિયાદો પણ વારંવાર ઉઠવા પામે છે. ત્યારે બસની વાટે ડેપોમાં ઉભેલા મુસાફરોને પીવાનુ પાણી પણ નસીબ થતુ નથી. એસ ટી ડેપોને ટેકનોલોજીથી સજ્જ કરવા કેટલાક ઠેકામે સી સી ટી વી કેમેરા લગાવાયા છે. જયારે બસમાં જી પી એસ સિસ્ટમ લગાવી ડેપો સંકુલમાં સ્ક્રીન પણ લગાવી દેવાયા છે. પરંતુ મુસાફરો માટે જરૂરી સુવિધા ઉભી કરવાના મામલે સતત દુર્લક્ષ્ય સેવાઈ રહયુ છે. આકરી ગરમીના દિવસોમાં એસ ટી ડેપોમાં

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતની આજની ખાસ સામાન્ય સભા માટે પણ પૂરક એજન્ડા જારી કરાયો

## રેતી-કાંકરીની ગ્રાન્ટ કરતાં વધુ રકમના કામો સૂચવાયા : સમિતિઓની પુનઃ રચના અને બજેટની જોગવાઈમાં સુધારાની દરખાસ્ત રજુ થશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળનારી ખાસ સામાન્ય સભા માટે પૂરક એજન્ડા જારી કરવામાં આવેલ છે. સતત બીજી ખાસ સામાન્ય સભામાં આ પૂરક એજન્ડા જારી કરવામાં આવતાં રાજકીય વર્તુળોમાં ગણગણાટ શરૂ થયો છે.

આજની આ ખાસ સામાન્ય સભામાં રેતી-કાંકરીની ગ્રાન્ટના કામો જ પૂરક એજન્ડામાં સમાવાવમાં આવ્યા છે. રૂ.૧૩ કરોડ જેટલી ગ્રાન્ટ પંચાયત પાસે છે પરંતુ સભ્યોને ખુશ રાખવા માટે આજે બપોર સુધી કામો પ્રમુખશ્રીના કાર્યાલયને મળતાં પૂરક એજન્ડા જારી કરવાની ફરજ પડી છે.

મળતી વિગતો પ્રમાણે સભ્યો દ્વારા ૨૦ કરોડથી પણ વધુ રકમના કામો રેતી કાંકરીની ગ્રાન્ટમાંથી સૂચવવામાં આવ્યા છે.

વિધાનસભાની આવી રહેલી ચૂંટણીને ધ્યાને રાખી અને પંચાયત પ્રમુખ પણ પોતાની સમય મર્યાદા પૂર્ણ થવાના થોડાક મહિના બાકી હોવાથી કોઈને પણ નારાજ કરવાના મૂડમાં નથી.

રાજકીય વર્તુળોમાં ચાલતી ચર્ચા મુજબ વિકાસની રાજનીતિને આગળ કરી બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષો પ્રજાને પોતાની તરફે કરવાની હોડ લાગી છે.

આ ખાસ સામાન્ય સભામાં પંચાયતની બે સમિતિઓની મુદત જે પૂર્ણ થઈ ગઈ છે તેની પુનઃ રચના કરવા ઉપરાંત નવા વાહનની ખરીદી માટે તેમજ વિસ્તાર વિકાસની ગ્રાન્ટ રૂ. ૧૦ લાખ કરવા માટે બજેટની જોગવાઈમાં સુધારો કરવાનો પ્રસ્તાવ પણ રજુ થનાર છે.

જિલ્લા પંચાયતની આ ખાસ સામાન્ય સભામાં વિપક્ષ થોડીક આક્રમકતા બતાવે તેવા સંકેતો મળી રહ્યા છે. જો કે વિપક્ષનું સંખ્યા બળ ઓછુ હોવાથી તેઓનો વિરોધ કેટલો આક્રમક રહેશે તેને લઈ પ્રશ્નાર્થો છે.

જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભામાં વિપક્ષ સભ્યોને પ્રશ્નો પુછવાના અધિકાર પર તરાપ મારવામાં આવી રહી હોવાનો મુદ્દો ઉપસ્થિત કરી સભામાં વિરોધની શરૂઆત કરશે તેમ મનાઈ રહ્યુ છે. રેતી-કાંકરીની ગ્રાન્ટમાં વિપક્ષને પણ ફાળવણીમાં અન્યાય કરાયો હોવાનો મુદ્દો ઉછાળવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

## દુઃખદ અવસાન / ઉઠમણું-ગાંધીનગર



સ્વ. રંજનબેન ભદ્રકાંતભાઈ કક્કડ
સ્વ. તા. ૯/૫/૨૦૧૭,
મુળ:ટંકારા, હાલ-ગાંધીનગર

મારા ધર્મપત્ની સ્વ. અ.સૌ. **રંજનબેન ભદ્રકાંતભાઈ કક્કડ** (ઉ.વ.૬૮) તે સ્વ. ભગવાનજીભાઈ ખટાઉભાઈ માનસેતાના દિકરી તા. ૯/૫/૨૦૧૭ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રભુ સદ્દગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**સદ્દગતનું ઉઠમણું તથા પિયર પક્ષની સાદડી**
તા. ૧૧/૫/૨૦૧૭ને ગુરૂવારે, સાંજે ૫ થી ૬ કલાકે
સ્થળ : ક્ષિતિજ એપાર્ટમેન્ટ-૨, પ્લોટ નં. ૧૯૫, માઁ-હોસ્પીટલ પાસે, સેક્ટર-૨૯, ગાંધીનગર-૩૮૨૦૩૦

લી. ભદ્રકાંતભાઈ રતિલાલ કક્કડ (પતિ)
રીના દિપક રૈયાણી ● પારૂલ મુકેશ સપ્રા
શિલ્પા જયેશ તન્ના ● ધારા મનન ઉનડકટ
દેવવ્રત ● કિંજલ ● નિનાદ ● સૃષ્ટિ ● જીયા ● યશ

-: પિયર પક્ષ :-
રમેશભાઈ ભગવાનજીભાઈ માનસેતા (રાજકોટ) Mo. 8780655031

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com